ગોમતીપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

ટેલી.નં. ૦૭૯-૨૨૯૪૧૯૨૧ polstn-gomti-ahd@gujarat.gov.in

પોલીસ કંટ્રોલ રૂમ ટેલીફોન નંબર-૦૭૯-૨૫૬૨૭૫૧૦

# પ્રેસનોટ

## ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે બનેલ વ્હિકલ ચોરી તથા મોબાઇલ લુંટના ગુનાનો ભેદ ઉકેલતી ગોમતીપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-ર અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-પ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા બનેલ ગુનાઓને શોધી કાઢવા સારૂ મળેલ સુચનાઓ આધારે

ગોમતીપુર પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૮૦/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ટુ વ્હિલર ચોરી તથા ફ.ગુ.ર.નં.૧૮૧/૨૦૧૯ ઇપીકો કલમ ૩૯૨ ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો મોબાઇલ લુંટના બે ગુના તા.૧૪/૧૧/૨૦૧૯ ના રોજ દાખલ થયેલ હોય જે ગુનાનો ભેદ ઉકેલવા સારૂ પોલીસ ઇન્સ્પેકટર શ્રી સી.બી.ટંડેલ સાહેબના માર્ગદશન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સશ્રી એસ.આઇ.રઇશ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પો.કો ભગીરથસિંહ વિક્રમસિંહ બ.નં.૧૩૦૮૭ તથા લો.ર કલ્પેશકુમાર પ્રવિણભાઇ બ.નં.૧૨૬૧ નાઓને બાતમી હકીકત મળેલ કે "બાપુનગર હરદાસનગરની ચાલીમાં રહેતો તડીપાર ઇસમ વિપુલ ઉર્ફે ગોલ્ડી ભરતભાઇ ઠાકોર તથા તેનો મિત્ર આસીફ ઉર્ફે તોતો નાઓએ ભેગા મળી ઉપરોક્ત એકટીવાની ચોરી કરેલ છે અને હાલમાં આ બંન્ને જણા ઉપરોક્ત ચોરીએ ગયેલ એકટીવા લઇ કુટલા ડેરા ત્રણ રસ્તા તરફથી આવી અત્રે થઇ આગળ જવાના છે" જે હકીકત આધારે એકટીવા ચાલક ઇસમ નં.૧. વિપુલ ઉર્ફે ગોલ્ડી સ/ઓ ભરતભાઇ શંકરજી ઠાકોર ઉ.વ.૨૧ રહે.રૂમ નં.૩૪ હરદાસનગરની ચાલી બાપુનગર જનરલ હોસ્પીટલની સામે બાપુનગર અમદાવાદ શહેર નાનો હોવાનુ જણાવેલ તથા તેની પાછળ બેઠેલ ઇસમ નં.ર આસીફ ઉર્ફે તોતો સ/ઓ સીરાજખાન હાજીખાન પઠાણ ઉ.વ.૩૮ રહે.મ.નં.૧ ત્રણ માળીયા રેહમાની કોમ્પલેક્ષ ઇબ્રાહીમ મસ્જીદ પાસે અંબર ટાવર સામે જુહાપુરા અમદાવાદ શહેર નાઓને ગોમતીપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૮૦/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે ચોરીએ ગયેલ એકટીવા નં.GJ 01 LJ 8649 ની સાથે મળી આવતા બંન્ને ઇસમોને ઉપરોક્ત ગુનાના કામે તા.૧૫/૧૧/૨૦૧૯ ના કલાક: ૨૨/૪૫ વાગે પકડી અટક કરેલ હોય અને પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી નં.૧ વિપુલ ઉર્ફે ગોલ્ડી સ/ઓ ભરતભાઇ શંકરજી ઠાકોર નાનો બાપુનગર પોલીસ સ્ટેશન ખાતેથી બે વર્ષ સુધી તડીપાર હોય જે બાબતે અલાયદો ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ ગુનાના કામે પકડાયેલ આરોપીઓની ખુબજ ખંત પુર્વક પુછપરછ કરતા તેઓએ કબુલાત કરેલ કે તા.૧૩/૧૧/૨૦૧૯ ના રાત્રીના ચારેક વાગ્યના અરસામાં પઠાણની ચાલી સામે જાહેર રોડ ઉપરથી એક બાઇક ચાલકને રોકી તેને ચપ્પુ બતાવી મોબાઇલ ફોન ઝુંટવી લીધેલાની હકીકત જણાવતા હોય જે બાબતે ફ.ગુ.ર.નં.૧૮૧/૨૦૧૯ ઇપીકો કલમ ૩૯૨ ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ હોય અને આ કામના આરોપી નં.૧ ના ઘર આગળ તેના પોતાના એકટીવા નં. GJ 27 BJ 3459 ની અંદર લુંટ કરેલ વીવો વી ૧૧ પ્રો મોબાઇલ ફોન તથા ગુનામાં વાપરેલ ચપ્પુ તપાસના કામે કબ્જે કરી બંન્ને આરોપીઓને ગુનાના કામે તા.૧૬/૧૧/૨૦૧૯ ના કલાક: ૧૧/૪૫ વાગે પકડી અટક કરવામાં આવેલ છે. જે બંન્ને આરોપીઓ હાલમાં રીમાંન્ડ ઉપર છે. ગુનાની આગળની તપાસ ચાલુ છે.

